પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૦ | ૨૧ માર્ચ, ૨૦૨૩, મંગળવાર; ફાગણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# દિલ્હીમાં ફરી ખેડૂત આંદોલનના ભણકારા

## ખેડૂત નેતાઓએ ફરી વાર દિલ્હીનો ઘેરાવ કર્યો : માગણીઓને લઈને ખેડૂતોએ સરકાર સામે બાંયો ચઢાવી : રામલીલા મેદાનમાં યોજાનારી ખેડૂતોની મહાપંચાયતને ધ્યાનમાં રાખી દિલ્હીમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો



નવી દિલ્હી, તા.૨૦

ખેડૂત નેતાઓએ તેમની માંગણીઓને લઈને ફરી એકવાર દિલ્હીનો ઘેરાવ શરૂ કર્યો છે. કિસાન મહાપંચાયત માટે સોમવારે દિલ્હીના રામલીલા મેદાનમાં હજારો ખેડૂતો ચુસ્ત સુરક્ષા વચ્ચે લઘુત્તમ ટેકાના ભાવની કાયદેસર ગેરંટી માંગવા માટે એકઠા થયા છે.

રામલીલા મેદાનમાં યોજાનારી ખેડૂતોની આ મહાપંચાયતને ધ્યાનમાં રાખીને દિલ્હીમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે સ્થળ પર ૨,૦૦૦થી વધુ સુરક્ષાકર્મીઓ તૈનાત કર્યા છે.

પોલીસે રવિવારે કહ્યું હતું કે કાર્યક્રમના સુચારૂ સંચાલન માટે વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ભીડ વ્યવસ્થાપન માટે અને કોઈ અનધિકૃત વ્યક્તિ પ્રવેશે અને કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડે નહીં તેની ખાતરી કરવા માટે પોલીસ કર્મચારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દિલ્હી ટ્રાફિક પોલીસની સલાહ મુજબ, મહાપંચાયતમાં લગભગ ૧૫,૦૦૦-૨૦,૦૦૦ લોકો ભાગ લે તેવી શક્યતા છે.

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના નવા ૯૧૮ કેસ

**દેશમાં કોરોનાના કેસોમાં ફરી એકવાર ઊછાળો : ૪ દર્દીઓના મોત, દેશમાં સક્રિય કેસોની સંખ્યા ૬,૩૫૦, કેરળ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સૌથી વધુ સક્રિય કેસ**

નવી દિલ્હી, તા.૨૦

કોરોનાના કેસોમાં ફરી એકવાર ઊછાળો જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના ૯૧૮ નવા કેસ નોંધાયા છે, જ્યારે ચાર દર્દીઓના મોત થયા છે.

હવે દેશમાં સક્રિય કેસોની સંખ્યા વધીને ૬,૩૫૦ થઈ ગઈ છે. દર્દીઓની વધતી સંખ્યાને જોતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આજે એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે.

આ પહેલાના રવિવારે પણ દેશભરમાં ૧,૦૭૦ નવા કોરોના કેસો સામે આવ્યા હતા.

ચાર મહિનામાં કોરોના કેસોમાં જોવા મળેલો આ આંકડો સૌથી વધુ હતો. કોરોનાના કેસોમાં છેલ્લી વખત હજાર કેસોથી વધારે ૬ નવેમ્બર ૨૦૨૨ના રોજ જોવા મળ્યા હતા.

કેરળ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સૌથી વધુ સક્રિય કેસ નોંધાયા છે. કેન્દ્ર સરકારે તેલંગાણા, તમિલનાડુ અને કર્ણાટકની સાથે આ ત્રણ રાજ્યોને ટેસ્ટ, ટ્રેક, ટ્રીટ અને વેક્સિનેસનની પાંચ ગણી વ્યૂહરચનાનું પાલન કરવાની સલાહ આપી છે.

છેલ્લા કેટલાક અઠવાડિયાથી દેશમાં કોરોનાના વધતા જતા કેસોને જોતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ રોગને લઈને સુધારેલી માર્ગદર્શિકા રજૂ કરી છે.

**બ્રિટનમાં તિરંગાના અપમાન સામે ભારતનો જડબાતોડ જવાબ**

# ભારતીય હાઈકમિશને ફરી મોટો તિરંગો લહેરાવ્યો

## ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શેરગીલે એક ફોટો ટ્વિટર પર પોસ્ટ કર્યો, તેમણે કેપ્શન લખી કે ઝંડા ઊંચા રહે હમારા : દોષિતો સામે કાર્યવાહીની અપીલ

લંડન, તા.૨૦

બ્રિટનની રાજધાની લંડનમાં રવિવારે ખાલિસ્તાની સમર્થકોએ ભારતીય હાઈ કમિશન પર લહેરાવાયેલો તિરંગો ઉતારી ખાલિસ્તાની ઝંડો લગાવી દીધો હતો. જોકે હવે તેમને જડબાતોડ જવાબ ભારતીય હાઈ કમિશન તરફથી જ આપવામાં આવ્યો છે. ભારતીય હાઈ કમિશનની ઈમારત પર ફરી તિરંગો તો લહેરાવી જ દેવાયો અને સાથે જ એક વિશાળ તિરંગો પણ લગાવાયો હતો. હવે આ તસવીર પણ વાઈરલ થવા લાગી છે. આ મામલે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શેરગીલે એક ફોટો ટ્વિટર

● અનુસંધાન પાન-૭ પર

## બ્રિટનમાં ખાલિસ્તાનીઓએ કર્યું ભારતીય તિરંગાનું અપમાન

નવી દિલ્હી, તા.૨૦

બ્રિટેનમાં એક વિરોધ પ્રદર્શન દરમ્યાન અમુક ખાલિસ્તાનીઓએ રાષ્ટ્રીય ધ્વજનું અપમાન કર્યું છે. લંડનમાં આવેલ ભારતીય હાઈકમિશનમાં ખૂબ હોબાળો કર્યો. આ દરમ્યાન તિરંગાને નીચે ઉતારી લેવામાં આવ્યો. તેને લઈને ભારત સરકારે દિલ્હીમાં બ્રિટિશ હાઈકમાન્ડને હાજર કર્યા છે. ભારતે આ ઘટના પર આકરી પ્રતિક્રિયા આપતા વાંધો ઉઠાવ્યો છે. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે, લંડનમાં ભારતીય હાઈકમિશન વિરુદ્ધ અલગાવવાદી અને ચરમપંથી તત્વો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી પર ભારતે વિરોધ વ્યક્ત કર્યો છે. તેના પર પ્રતિક્રિયા આપવા માટે દિલ્હીમાં બ્રિટિશ રાજદૂતને હાજર કર્યા છે. વિરોધ નોંધવાતા વિદેશ મંત્રાલયે પુછ્યું કે, ભારતીય હાઈકમિશન પરિસરમાં ખાલિસ્તાની તત્વોનો પ્રવેશ કરવાની મંજૂરી કોણે આપી.

● અનુસંધાન પાન-૭ પર

# અમૃતપાલસિંહને પોલીસે ગાયબ કર્યાનો માતા-પિતાનો આક્ષેપ

## અમૃતપાલની ધરપકડ માટે દરોડા શરૂ : અમૃતપાલસિંહને ગંભીર કેસમાં ફસાવી શકાય છે અથવા તેના જીવને પણ જોખમ હોવાનો પિતા દ્વારા દાવો

અમૃતસર, તા.૨૦

વારિસ એ પંજાબના પ્રમુખ અમૃતપાલની ધરપકડ કરવા માટે પંજાબ પોલીસે દરોડા પાડવાનું શરૂ કરી દીધું છે. તેવામાં અમૃતપાલના માતા પિતાએ ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે. તેમણે પોલીસ સામે જ દીકરાની ધરપકડ કરી હોવાનો આક્ષેપ લગાવી દીધો છે. આની સાથે તેમના માતાએ એવું પણ નિવેદન આપ્યું છે કે હું શેરની માતા છું કોઈનાથી ડરતી નથી. તેમના માતા પિતાના દાવા પણ કરી રહ્યા છે કે અમૃતપાલની પાછળ પાછળ પોલીસ ગઈ અને તેના વાહનની સાથે ધરપકડ કરાઈ છે. એક વાઈરલ વીડિયોનો ઉલ્લેખ કરી તેમની માતાએ કહ્યું કે અમૃતપાલ શાહકોટ સ્ટેશનમાં પ્રવેશ કરતી નજરે પડી રહી છે. જાણો સમગ્ર માહિતી વિશે વિગતવાર માહિતી

અમૃતપાલની માતા બલવિંદર કૌરે એક વાઈરલ વીડિયોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે હું તેની માતા છું અને મારા દીકરાને શાહકોટ પોલીસ સ્ટેશનમાં પ્રવેશ કરતા ઓળખી શકુ છું. આ વીડિયોમાં અન્ય કેટલાક શખસો પણ જોવા મળી રહ્યા છે. તેમણે દાવો કરતા પોલીસ પર આક્ષેપ લગાવ્યા છે. અમૃતપાલની માતાએ કહ્યું કે અત્યારે અમૃતપાલ પોલીસ કસ્ટડીમાં છે. બધા ખોટુ બોલી રહ્યા છે.

# ક્રિએટિવિટીના નામે અશ્લીલતા - અભદ્ર ભાષાનો ઉપયોગ સ્વીકાર્ય નથી : ઠાકુર

## ઓટીટી પ્લેટફોર્મ અશ્લીલ કન્ટેન્ટ સામે પગલાંની તૈયારી

નવી દિલ્હી, તા.૨૦

કેન્દ્ર સરકાર ઓટીટીપ્લેટફોર્મ પર પ્રસારિત અશ્લીલ કન્ટેન્ટ સામે કડક પગલાં લેવાની તૈયારી કરી રહી છે. ઓટીટીપ્લેટફોર્મ પર અશ્લીલતા અને અપશબ્દોની ફરિયાદ પર કડક વલણ અપનાવતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે ક્રિએટિવિટીના નામે અશ્લીલતા અને અભદ્ર ભાષાનો ઉપયોગ સ્વીકાર્ય નથી. આ ચલણને રોકવા માટે સરકાર કડક પગલાં લેતા જરાય અચકાશે નહીં.

એક પત્રકાર પરિષદને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે સરકારે ઓટીટીપ્લેટફોર્મ પર પ્રસારિત થતા કન્ટેન્ટમાં અશ્લીલતા અને અભદ્ર ભાષાના ઉપયોગ સાથે સંબંધિત ફરિયાદો પર ગંભીરતાથી વિચાર કર્યો છે. તેમણે કહ્યું કે આ પ્લેટફોર્મને અશ્લીલતા માટે નહીં પણ ક્રિએટિવિટી માટે સ્વતંત્રતા આપવામાં આવી છે. જ્યારે કોઈ હદ વટાવે છે ત્યારે ક્રિએટિવિટીના નામે અપશબ્દો બોલવા કે અભદ્રતા કરવી ક્યારેય સ્વીકારી નહીં લેવાય.

# કોલસાના ભાવ વધશે

## કોલ ઈન્ડિયાના વડાએ કહ્યું કે જો કોલસાના ભાવ વધારવામાં નહીં આવે તો ઘણી સમસ્યાઓ થશે

નવી દિલ્હી, તા.૨૦

કોલ ઈન્ડિયાના ચેરમેન પ્રમોદ અગ્રવાલે સોમવારે જણાવ્યું હતું કે કોલસાના ભાવમાં વધારો કરવા માટે "મજબૂત આધાર" છે અને "ટૂંક સમયમાં" આ વધારો થઈ શકે છે. આ અંગે હિતધારકો સાથે ચર્ચા ચાલી રહી છે. અગ્રવાલે એમ પણ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે માઈનિંગ જાયન્ટ ૨૦૨૫-૨૬ સુધીમાં તેનું એક અબજ ટન ઉત્પાદન લક્ષ્ય હાંસલ કરશે. કોલસાના ભાવમાં વધારો કરવાનો એક મજબૂત આધાર છે કારણ કે છેલ્લા પાંચ વર્ષમાં આવું કરાયું નથી. આ વર્ષે વેતન અંગે પણ વાટાઘાટો થઈ છે, જેની અસર સીઆઈએલની નાણાકીય સ્થિતિ પર પડશે, ખાસ કરીને કેટલીક પેટાકંપનીઓમાં જ્યાં માનવશક્તિનો ખર્ચ ઘણો વધારે છે.

કોલ ઈન્ડિયાના વડાએ કહ્યું કે જો કોલસાના ભાવ વધારવામાં નહીં આવે તો ઘણી સમસ્યાઓ થશે. આ અંગે હિતધારકો સાથે ચર્ચા ચાલી રહી છે. ટૂંક સમયમાં આ અંગે નિર્ણય લેવાઈ શકે છે. અગ્રવાલે કોલકાતામાં એમજંક્શન વતી આયોજિત ભારતીય કોલસા બજાર સંમેલન દરમિયાન આ વાત કહી હતી. એક બિલિયન ટન ઉત્પાદન લક્ષ્યાંક અંગે વિસ્તૃત માહિતી આપતા તેમણે કહ્યું કે કોલ ઈન્ડિયા ૨૦૨૫-૨૬ સુધીમાં તેને હાંસલ કરવા માટેના ટ્રેક પર જ છે

● અનુસંધાન પાન-૭ પર

# વિદેશી વકીલો કે સંસ્થાઓને કોર્ટમાં હાજર રહેવા મંજૂરી નહીં અપાય

## બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ભારતીય વકીલોને ખાતરી : વિદેશી વકીલો ફક્ત વિદેશી અને આંતરરાષ્ટ્રીય કાયદાના સંબંધમાં તેમના ગ્રાહકોને સલાહ આપી શકશે

નવી દિલ્હી, તા.૨૦

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ રવિવારે ભારતીય વકીલોને ખાતરી આપી હતી કે વિદેશી વકીલો અને કાયદાકીય સંસ્થાઓને કોઈપણ કોર્ટ અથવા ન્યાયિક ફોરમમાં હાજર રહેવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને તે ફક્ત વિદેશી અને આંતરરાષ્ટ્રીય કાયદાના સંબંધમાં તેમના ગ્રાહકોને સલાહ આપી શકશે.

બીસીઆઈએ તાજેતરમાં વિદેશી વકીલો અને કાનૂની પેઢીઓને વિદેશી કાયદો, આંતરરાષ્ટ્રીય કાયદા મુદ્દે અને મધ્યસ્થતાના કેસ જેવા અમુક ક્ષેત્રોમાં પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપી હતી.

આ અંગે મિશ્ર પ્રતિસાદ આવ્યો હતો અને કેટલીક ગેરસમજણો ઊભી થઈ હતી. તેના પછી આ આશ્વાસન આપવાની ફરજ પડી હતી.


**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**

**જાહેર નિવિદા**

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, ગાંધીનગરને નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે Income Tax TDS ને લગતી તમામ કામગીરી માટે રસ ધરાવતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. ભાવપત્રક બંધ કવરમાં તા. ૨૭-૦૩-૨૦૨૩ સુધીમાં નીચેના સરનામે રજૂ કરવાના રહેશે. આ અંગે વધુ માહિતી માટે ઓફીસ સમય દરમ્યાન TCGL કચેરીની ઓડીટ શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

ગુજરાત પ્રવાસન નિગમ લિ.
બ્લોક નં. ૧૬-૧૭, ૪થો માળ,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૧.

મેનેજિંગ ડિરેક્ટર
TCGL



॥ જય હાટકેશ ॥

**વસાવડા ગ્રુપ ટ્યુશન**

ધોરણ : 7 થી 10 (GSEB/CBSE)
ધોરણ : 11 - 12 (JEE/NEET/BOARD)

'ટોળાશાહી' મુક્ત ક્લાસીસ

CBSEની બેચ 1/4 થી શરૂ

શાખા : સે.22, સે.6/B, સરગાસણ
99987 27508, 99987 27509



**અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા**

15g પ્રોટીન




₹28*/ 500 mL

અમૂલ શક્તિ

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.

Amul The Taste of India



Azadi Ka Amrit Mahotsav | एक कदम स्वच्छता की ओर | G20 भारत 2023 INDIA वसुधैव कुटुम्बकम् ONE EARTH • ONE FAMILY • ONE FUTURE | Gujarat Tourism

દાંડી પથ

શૈક્ષણિક પ્રવાસ માટે આદર્શ પસંદગી | દાંડી કૂચની ઝલક દર્શાવતા રસપ્રદ પ્રદર્શન | વિશિષ્ટ દિવસોએ વિવિધ પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો

● રહેવા-જમવાની સાથે ઉત્તમ પ્રવાસન સુવિધા

● દાંડી કૂચની સ્મૃતિ અને ગુજરાતી લોકજીવન - સંસ્કૃતિના મહેમાન થવાનો અવસર એટલે...



**દાંડી પથ યાત્રી નિવાસ**

દાંડી પથ પર આપની સુવિધાયુક્ત યાત્રા માટે સંપર્ક કરો

ટોલ ફ્રી નંબર
૧૮૦૦ ૨૩૩ ૧૯૬૮

info@dandipath.in | www.dandipath.in
dandipath/